# 2 ભારતીય ચિત્રશૈલી

ભારતની લલિત કલાઓમાં ચિત્રકલાને ધર્મનું પ્રોત્સાહન મળ્યું છે. રસ અને ભાવની અભિવ્યક્તિને કારણે ચિત્રકલા આગવું સ્થાન ધરાવે છે. કલાના ઈતિહાસમાં શૈલી સ્વરૂપમાં તેનો વિકાસ અંજતામાં થયેલો જોવા મળે છે તે પછી ભારતીય ચિત્રકલાનો વિકાસ જુદા જુદા રાજવંશીયોથી થયો છે. ભારતીય ચિત્રશૈલીઓનો વિકાસ તેના નામ, યુગ અને પ્રદેશ પરથી પાડવામાં આવેલ છે. દા. ત. પાલ શૈલી, જૈન શૈલી, રાજપૂત શૈલી, મોગલ શૈલી, કાંગડા શૈલી વગેરે.

પ્રાચીન ભારતમાં ચિત્રોનું આલેખન ભીંત ઉપર, તાડપત્રો, લાકડાની પટ્ટી, કાગળ કે કાપડ પર થતું હતું. તાડપત્રો અને કાગળ ઉપરનું ચિત્રકામ લઘુ શૈલીમાં જોવા મળે છે. આમ વિવિધ શૈલીઓનો પરિચય આપણે અહીં મેળવીએ.



પાલ શૈલીનું ચિત્ર

**(1) પાલ શૈલી :** પૂર્વ ભારતમાં (ઈ. સ.ની 8મી થી 13મી સદી) પાલ રાજાઓના આશ્રયે બંગાળ, બિહાર, નાલંદા ઉપરાંત નેપાળ અને તિબેટ સુધી વિકસી હતી. તેથી તે પાલ શૈલીને નામે ઓળખવામાં આવે છે.

પાલ શૈલીનાં લઘુચિત્રો મુખ્યત્વે મહાયાન બૌદ્ધ સંપ્રદાયની તાડપત્રોની પોથી ઉપર કરવામાં આવેલા જોવા મળે છે. આ લઘુચિત્રો બૌદ્ધ ધર્મની પ્રેરણા હેઠળ બૌદ્ધ ધર્મ ગ્રંથોમાં કરવામાં આવેલ હોય એમાં મુખ્યત્વે બોધિસત્વ પ્રજ્ઞાપારમિતા અને જાતક કથાઓનાં ચિત્રો આલેખાયેલાં છે. આ શૈલીનાં ચિત્રોવાળી કેટલીક બ્રાહ્મણ (હિંદુ) હસ્તપ્રતો પણ જોવા મળે છે. પાલ શૈલીની કેટલીક હસ્તપ્રતો અમદાવાદ, મુંબઈ ઉપરાંત વિદેશોમાં ન્યુયોર્ક અને બોસ્ટનમાં સંગ્રહિત છે. આ પોથી ચિત્રના કલાકારે તદ્દન નાના ફલક ઉપર અમુક શિસ્ત અને નિયમો પાળવા જરૂરી બને છે. આમ તેમાં કેટલાંક નવાં તત્ત્વો ઉમેરાયાં છે. આ રીતે



પાલ શૈલીનું ચિત્ર

લઘુચિત્રોની એક વિશિષ્ટ શૈલી નિર્માણ પામી. આ પાલ શૈલીમાં આલેખાયેલાં પાત્રોમાં ગતિશીલતાને સ્થાને સ્થિરતા, શાંત મુખભાવ, અણીદાર નાક, અર્ધ બિડાયેલ નેત્રો રેખામાં અક્કડપણું વગેરે લક્ષણો ધ્યાન ખેંચે છે. આ ચિત્રોમાં પાછળની ભૂમિકામાં લાલ રંગનો છૂટથી ઉપયોગ થયેલો જોવા મળે છે. આ ઉપરાંત લીલો, ભૂરો અને માટી જેવો પીળા રંગનો ઉપયોગ થયેલ છે અને કાળા રંગથી લખાણ છે. લખાણની લઢણ (કેલિગ્રાફી) બહુ જ ઉત્તમ છે. હસ્તપ્રતો મૂકવા માટે લાકડાની લાંબી પેટી રાખતા અને તેના પર પણ ચિત્રાંકન થયું છે.

આ પોથી ચિત્રોને સમગ્રપણે જોતાં તેનો હેતુ સુશોભનાત્મક હોય તેમ લાગે છે.



↑ **જૈન શૈલીનાં ચિત્રો** ↓







**જૈન શૈલીનાં ચિત્રો**

**(2) જૈન શૈલી :** આ શૈલી પશ્ચિમ ભારતમાં ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન અને માળવામાં ઈ. સ. 12મી સદીના આરંભમાં અસ્તિત્વમાં આવી. પશ્ચિમ ભારતના આ પ્રદેશોમાં એ સમયે જૈન ધર્મનો પ્રભાવ હતો. આ ચિત્રો તાડપત્રો અને કાગળની હસ્તપ્રતો કે પોથીઓ પર આલેખાયેલાં લઘુચિત્રો મુખ્યત્વે જૈન ધર્મ આધારિત છે. પરિણામે આ લઘુચિત્રોની શૈલી 'જૈન શૈલી'ના નામે ઓળખાય છે.

કલ્પસૂત્ર, કાલકાચાર્ય કથા, નેમિનાથ સૂત્ર, બારસાખ સૂત્ર, કથાસરિત સાગર વગેરે ગ્રંથોમાં આ શૈલીનાં લઘુચિત્રો આલેખાયેલાં જોવા મળે છે. આ શૈલીનાં ચિત્રો પણ પોથીના કાગળ ઉપર લખાણ સિવાયની નક્કી કરેલી જગ્યામાં જ કરવામાં આવતા હોઈ ચિત્રકારને મુક્ત અભિવ્યક્તિનો બિલકુલ અવકાશ નથી.

પાત્રોમાં અક્કડપણું, એક વિધતા, ટૂંકાં પાત્રો, ગરુડની ચાંચની જેમ ગાલથીયે આગળ નીકળેલું અણીવાળું નાક, મોટી અને લાંબી આંખ (એક આંખ ચહેરાની બહાર નીકળેલી લાગે) આગળ નીકળેલી છાતી, પાતળું પેટ, અણીદાર આંગળીઓ અને આસન પર ટટ્ટાર રીતે લીધેલી બેઠક આ જૈન શૈલીનાં પાત્રોની લાક્ષણિકતા છે. – રંગોમાં મુખ્યત્વે લાલ, ભૂરો, લીલો અને સોનેરી તથા પીળો મુખ્ય છે. મર્યાદિત ફલક ઉપર પણ ચિત્રોનું સુંદર આયોજન, સબળ રેખાંકન અને ભભકદાર સમતોલન રંગપૂરણી તે વખતના કલાકારની કલાસૂઝનો ખ્યાલ આપે છે.

જૈન શૈલીનાં આ ચિત્રો ભારતીય ચિત્રકલાના ઈતિહાસમાં આગવું સ્થાન પામ્યાં. તેમજ આ શૈલીના નમૂના ગુજરાતમાં જ સૌથી વિશેષ મળ્યા હોઈ આ શૈલી ગુજરાતને ગૌરવ અપાવ્યું તેથી તેને ''ગુજરાત શૈલી'' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ શૈલી 12મી સદીના આરંભથી 16મી સદીના અંત સુધી ટકી રહી. આ જૈન શૈલીએ અગાઉની અજંતાની કલા અને પછી રાજપૂત-મોગલ કલા વચ્ચેના સમયગાળામાં ભારતીય ચિત્રકલાનું અસ્તિત્વ અને પરંપરા ટકાવી રાખવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

જૈન હસ્તપ્રતોમાં લહિયાઓએ જે લખાણની લઢણ ઊભી કરી તેને કેલિગ્રાફી કવૉલિટી કહેવાય છે અને જે રેખા વાપરી છે તે બહુ જ ધારદાર છે. જૈન ધર્મના ઉપાશ્રયોમાં આ સર્જન થયું અને સાધુઓનું તેમાં માર્ગદર્શન રહેલું છે. સોનાના વરખ ચોંટાડીને તે પર પણ ચિત્રાંકન થયું અને વરખને ઓગાળી તેની શાહીથી પણ લખાણ થયું છે.

**(3) રાજપૂત શૈલી :** રાજપૂત રાજાઓના આશ્રયે રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વિકસેલી આ શૈલીને રાજપૂત શૈલી કહેવામાં આવે છે. આ કલા શૈલીથી ભારતીય ચિત્રકલાનો મંદ પડેલો પ્રવાહ પુનઃ વેગવંતો બન્યો. ઈ. સ. 10મી સદીથી ઈ.સ. 14મી સદી દરમિયાન આ શૈલીમાં મોટે ભાગે સંખ્યાબંધ લઘુચિત્રો (Miniature Painting) થયાં તેમજ ભીંતચિત્રો પણ થયાં. આ લઘુચિત્રો ક્યારેક 4"(ચાર ઈંચ) થી 5" (પાંચ ઇંચ) જેટલાં નાનાં હોય છે. તેમાં પાત્રોના ચહેરાથી માંડીને વૃક્ષનાં પાંદડાં કે ભાત રચના(ડિઝાઇન)ની બારીકાઈ આપણને આશ્ચર્યમાં મુગ્ધ કરી દે છે.


આ પ્રદેશમાં સમાજનો એક વર્ગ એવો હતો કે જે વંશપરંપરાગત ચિત્રો દોરવાનો વ્યવસાય કરતો આવા ચિતારાઓને રાજસ્થાનના રાજપૂત રાજાઓ વર્ષાસન આપી પોતાના રાજ્યમાં આશ્રય આપતા અને પોતાનાં તેમજ પોતાના વડીલો વારસોના પરાક્રમનાં ચિત્રો કરાવતા હતા. તેથી તે સમયના રાજપૂત રાજાઓનો વૈભવ, રીતરિવાજ અને પહેરવેશનો આપણને ખ્યાલ આવે છે. ઘેરદાર ચણિયા અને પારદર્શક ઓઢણી એ રાજપૂત શૈલીની વિશિષ્ટતા છે.



**રાજપૂત શૈલીનું ચિત્ર**




રાજપૂત શૈલીનું ચિત્ર



રાજસ્થાન શૈલીનું ચિત્ર

## (4) રાજસ્થાની શૈલી :



રાજસ્થાન શૈલીનું ચિત્ર

રાજપૂત શૈલી રાજસ્થાનના બુંદી, કિશનગઢ, બિકાનેર, જોધપુર, મેવાડ જેવા સ્થળોમાં વિકસી હોવાથી રાજસ્થાન શૈલી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ ચિતારાઓ રાજ્યાશ્રિત હોવાથી રાજા-મહારાજાઓના ચિત્રો કરતા પરંતુ નવરાશના સમયમાં 'રાધાકૃષ્ણ', 'રાસલીલા' કે 'કૃષ્ણભક્તિ' અને રાજસ્થાની લોકજીવન આ શૈલીના મુખ્ય વિષય છે. રાજસ્થાનમાં મહેલો, દીવાલો, હવેલીઓ વગેરે ઉપર પણ આવાં ભીંત ચિત્રો (ફ્રેસ્કો) જોવા મળે છે.

આ ઉપરાંત 'રાગમાળાનાં ચિત્રો', 'નાવિકાભેદ' અને 'શૃંગાર રસ'નાં ચિત્રો પણ તૈયાર કર્યા છે જે તેની વિશિષ્ટતા છે. સુંદર ચિત્ર સંયોજન, માવનપાત્રોનું સબળ આલેખન અને રંગ વૈવિધ્ય એ રાજસ્થાન શૈલીનાં ચિત્રોની લાક્ષણિકતાઓ છે. આમ રાજસ્થાન શૈલીને ખૂબ આવકાર સાંપડ્યો. તેથી રાજપૂત કલા એ લોકકલા તરીકે ઓળખાય છે.

## (5) મોગલ શૈલી :

ઈ. સ. 1526માં મોગલ બાદશાહ બાબરે ભારતમાં મોગલ સલ્તનતનો પાયો નાખ્યો. મોગલ સમ્રાટો કલાપ્રેમી હતા. તેથી તેમના શાસનકાળ દરમિયાન કલાનો સતત વિકાસ થતો રહ્યો. મોગલો જ્યારે ભારતમાં આવ્યા ત્યારે તેઓ તેમની સાથે ઈરાની કલાકારોને લાવેલા અને બાબરના મૃત્યુ પછી પણ ભારતમાં જ રહ્યા. બાબરનો પુત્ર હુમાયુ પણ કલાપ્રેમી હતો. બાબર અને હુમાયુ કલાના ચાહક હતા.

અકબરના શાસનકાળ દરમિયાન મોગલ સામ્રાજ્યનો પાયો સુદૃઢ બન્યો. તેથી સ્થિરતા અને શાંતિ સ્થપાયાં, સમૃદ્ધિ વધી. એ સમયની સમૃદ્ધ રાજપૂત શૈલીમાં (ભારતીય કલા) અને ઈરાની શૈલીના સમન્વયથી એક નવી જ ચિત્રશૈલી અસ્તિત્વમાં આવી તે 'મોગલ કલા' તરીકે ઓળખાઈ જેનો સમય ઈ. સ. 16મી સદીથી ઈ. સ. 17મી સદીનો હતો. અકબર મોગલ શૈલીનો સાચો જનક બન્યો એના સમયમાં ગ્રંથચિત્રો અને વ્યક્તિચિત્રો (પોટ્રેઈટસ) સારા પ્રમાણમાં થયાં. 'હમ્ઝાહનામા', 'શાહનામા', 'બાબરનામા', 'તવારિખે તૈમુરિયા' વગેરેનાં ચિત્રો આ સમયમાં થયા. કહેવાય છે કે 'બાબરનામા'નાં ચિત્રો 48 ચિત્રકારોએ કર્યા હતાં અને 'હમ્ઝાહનામા'ના બાર ભાગમાં 1400 ચિત્રો દોરવામાં આવ્યાં છે.



**મોગલ શૈલીનું ચિત્ર**

જહાંગીરના શાસનકાળમાં મોગલ શૈલી સર્વોચ્ચ શિખરે પહોંચી, જહાંગીર પોતે કલાનો ચાહક અને મિમાંસક પણ હતો. તે પશુ-પંખીઓનો તેમજ નિસર્ગ દૃશ્યોનો શોખીન હતો. તેના સમયમાં ઉત્તમ કોટિનાં પક્ષીચિત્રો થયાં. એના દરબારમાં પક્ષી ચિત્રોમાં કુશળ એવો મન્સૂર નામનો નામાંકિત ચિત્રકાર હતો. વ્યક્તિ ચિત્રો પણ એના સમયમાં ઉત્તમ કોટિનાં થયાં. હિંદુ ચિત્રકાર બિશનદાસ પણ જહાંગીરના દરબારનું એક ઘરેણું સમાન હતું. આ ઉપરાંત શિકાર, દરબારી ઠાઠ, યુદ્ધ, લશ્કરી છાવણી, પ્રાણીઓની સાઠમારી જેવાં ચિત્રો પણ થયાં. શાહજહાંના સમયમાં કલા સર્જનનો પ્રવાહ ચાલુ રહ્યો પણ શાહજહાંને ચિત્રકલા કરતાં સ્થાપત્યમાં વધારે રસ હતો. તેથી ચિત્રકલાને જોઈએ તેટલું પ્રોત્સાહન ન મળ્યું. એના સમયમાં તાજમહાલનું અત્યંત સુંદર મનમોહક સ્થાપત્યનું નિર્માણ થયું.

ઔરંગઝેબના સમયમાં મોગલ કલાનો મૃત્યુઘંટ વાગ્યો. ચિત્રકારોને રાજ્યાશ્રય મળતો બંધ થયો તેથી તે



**મોગલ શૈલીનું ચિત્ર**

ચિત્રકારોએ ઉત્તર ભારતના કાશ્મીર અને હિમાલય ખીણપ્રદેશના નાના નાના રાજ્યોમાં આશ્રય લીધો.


મોગલકલા એ દરબારી કલા હતી. મોગલ સમ્રાટોના શોખ અને અભિમાનને પોષવા માટે ચિત્રો થયાં. આથી એમાં શાહીદમામ, દરબારી ઠાઠ, અમીર-ઉમરાવનાં વ્યક્તિ ચિત્રો, રાજદરબાર યુદ્ધ અને છાવણી, હાથીઓની સાઠમારી, શિકાર એ મોગલકલાના માનીતા વિષયો હતા. રેખાંકનની સુરેખતા, નજાકત અને વાસ્તવદર્શન આ શૈલીનાં લાક્ષણિક તત્ત્વો છે. રાજસ્થાન શૈલીના ભભકાદાર રંગોને સ્થાને હળવા શાંત તેમજ પાશ્ચાત ભૂમિમાં નિસર્ગ દૃશ્યોનું યથાદર્શન આ શૈલીનું આગવું પાસું છે.

**(6) કાંગડા શૈલી :**

મોગલ રાજ્યનાં ચિત્રકારોને રાજ્યાશ્રય ન મળતાં મોગલ સામ્રાજ્યનો પ્રદેશ છોડી સતલજની પૂર્વે હિમાલયની ખીણમાં આવેલા પહાડી પ્રદેશો ચંબા, નૂરપૂર, ગુલેર, મંડી, કાંગરા, બિસોલી, કુલુ, ગઢવાલ જેવા નવા રાજ્યોમાં રાજ્યાશ્રય માટે પહોંચ્યા. કાંગડા (કલમ) શૈલીએ પહાડી શૈલીનું સર્વોચ્ચ શિખર કહી શકાય. કાંગડાની ખીણ પ્રદેશમાં આવેલા રાજ્યોમાં જે પહાડી શૈલી તેની પોતાની આગવી વિશેષતા સાથે વિકાસ પામી. રાજસ્થાન અને મોગલ ચિત્રકારો એ ભેગા થઈ જે કલા  વિકસાવી તે કાંગડા શૈલી તરીકે જાણીતી થઈ.

આ શૈલીનો મુખ્ય વિષય માત્ર કૃષ્ણભક્તિ તેમજ રાજસ્થાન શૈલીના કેટલાક વિષયોનું પુનરાવર્તન પણ થયું છે. કાંગડા શૈલીમાં રાજસ્થાની શૈલી જેવી રંગોની ભભક જણાતી નથી. મોગલ શૈલીની અસરને પરિણામે આછી રંગપૂરણી, રંગોમાં ધુમ્મસના વાતાવરણમાં દેખાતી મીઠાશ અને પારદર્શકતા હોય છે. કાંગડા શૈલીનો કલાકાર ખૂબ જ અભ્યાસી હતો. પરિણામે ચિત્રકલા ક્ષેત્રે જગતના રૂપાળા, સર્વાંગ સુંદર મુખાકૃતિઓ જોવા મળે છે. આ શૈલીનો સર્વશ્રેષ્ઠ કલાકાર મોલારામ હતો.


કાંગડા શૈલીમાં નારીપાત્રનું આલેખન ભાવપૂર્ણ અને કાવ્યાત્મક છે. નાજુક શરીર, સીધી અણીવાળું નાક, ગોળ મુખમંડનમાં ઢળતું કપાળ એ એની આગવી વિશેષતા છે. પુરુષોમાં કૃષ્ણના જીવન પ્રસંગોનું આલેખન રજ્ઞું છે. આ ઉપરાંત કાશ્મીરની ડુંગરાળ સૌંદર્યમય ભૂમિનું આલેખન ચિત્રમાં મોટે ભાગે જોવા મળે છે.





**કાંગડા શૈલીનું ચિત્ર**




કાંગડા શૈલીનું ચિત્ર









કાંગડા શૈલીનાં સર્વાંગ સુંદર ચહેરા

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો.**

(1) તાડપત્રો અને કાગળ ઉપરનું ચિત્રકામ ________ શૈલીમાં જોવા મળે છે.

(2) ________ શૈલીમાં મુખ્યત્વે લાલ, ભૂરો, લીલો અને સોનેરી પીળો રંગ મુખ્ય છે.

(3) 12મી સદીના આરંભથી 16મી સદીના અંત સુધી ________ શૈલી ટકી રહી.

(4) _______ કલા રાજપૂત કલા તરીકે ઓળખાય છે.

(5) _______ બાદશાહએ ભારતમાં મોગલ સલ્તનતનો પાયો નાખ્યો.

(6) મોગલ શૈલીમાં પક્ષી ચિત્રોનો જાણીતો ચિત્રકાર ________ હતો.

**2. નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ આપી જવાબ લખો.**

(1) કોના શાસનકાળમાં મોગલશૈલી સર્વોચ્ચ શિખરે પહોંચી ?

(A) બાબર (B) અકબર (C) જહાંગીર (D) હુમાયુ _______

(2) ભારતીય અને ઈરાની શૈલીના સમન્વયથી નવી કઈ શૈલી અસ્તિત્વમાં આવી ?

(A) મોગલ શૈલી (B) રાજસ્થાન શૈલી (C) કાંગડા શૈલી (D) જૈન શૈલી _______

(3) નીચેનામાંથી કયું ચિત્ર રાજસ્થાની કલાની વિશિષ્ટતા છે ?

(A) હમ્ઝાહનામા (B) રાગમાળાનાં ચિત્રો (C) કલ્પસૂત્ર (D) પ્રજ્ઞાપારમિતા _______

(4) પાલશૈલીના લઘુચિત્રો મુખ્યત્વે કયા સંપ્રદાયના છે?

(A) જૈન (B) બૌદ્ધ (C) ઈસ્લામીક (D) રજપૂત રાજાના _______

(5) રાધાકૃષ્ણ, રાસલીલા કે કૃષ્ણભક્તિ એ કઈ શૈલીના મુખ્ય વિષય છે ?

(A) રાજસ્થાની શૈલી (B) મોગલ શૈલી (C) જૈન શૈલી (D) પાલ શૈલી _______

(6) કાંગડા શૈલીનો શ્રેષ્ઠ કલાકાર કોણ હતો ?

(A) મન્સૂર (B) જહાંગીર (C) શાહજહાં (D) મોલારામ _______

**3. નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ આપો.**

(1) પાલશૈલીનાં લઘુચિત્રો મુખ્યત્વે કઈ પોથી પર કરવામાં આવે છે ?

________________________________________

(2) જૈનશૈલી બીજા કયા નામથી ઓળખાય છે ?

________________________________________

(3) કઈ શૈલીમાં સંખ્યાબંધ લઘુચિત્રો તેમજ ભીંતચિત્રો થયા?

________________________________________

(4) કયા રાજાઓના શાસનકાળ દરમિયાન મોગલશૈલીનો વિકાસ થતો રહ્યો ?

________________________________________

(5) રાજસ્થાન અને મોગલ ચિત્રકારોએ ભેગા મળી કઈ કલા વિકસાવી ?

________________________________________

●